**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
પી.જી.ટી.આર. વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫, ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧
એક્સટે. નં. ૨૨૨, ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭, ઈ-મેઈલ : pgtr@sauuni.ac.in

# માસ્ટર ઓફ ફીઝીયોથેરાપીની સામાન્ય સુચના

1. વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવતા ફોર્મ સમયે જે વિદ્યાર્થીની માર્કશીટમાં માત્ર CGPA દર્શાવવામાં આવે છે, તેવા વિદ્યાર્થીઓએ CGPA નું ટકાવારી માં રૂપાંતર દર્શાવતું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ગુણપત્રક (પ્રમાણપત્ર) રજુ કરવાનું રહેશે અન્યથા પ્રવેશ રદ થયેલ ગણાશે.
2. GCAS ની સુચના મુજબ રજીસ્ટ્રેશન કરનાર વિદ્યાર્થી જે કોલેજ સિલેક્ટ કરશે તે કોલેજ ને જ વિદ્યાર્થીને (જો કાઉન્સેલિંગમાં એડમીશન મળે તો) એલોટમેન્ટ ઓર્ડર કરવાનો વિકલ્પ મળશે. જયારે યુનિવર્સિટી મારફત થતી પ્રવેશ પ્રક્રિયામાં યુનિવર્સિટી સંલગ્ન ત્રણેય કોલેજો (ગવર્મેન્ટ ફીઝીયોથેરાપી કોલેજ, જામનગર, શ્રી કે.કે. શેઠ ફીઝીયોથેરાપી કોલેજ, રાજકોટ, અને સી.યુ. શાહ ફીઝીયોથેરાપી કોલેજ, સુરેન્દ્રનગર)માં એડમીશન પ્રક્રિયા એક સાથે થતી હોવાથી જો કોઈ અરજદારે GCAS પોર્ટલમાં જે તે કોલેજ સિલેક્ટ નહી કરેલ હોય તો કાઉન્સેલિંગ દરમિયાન મેરીટ મુજબ લાયક થતા હોવા છતાં પણ તેમાં પ્રવેશ માટે હકદાર રહેશે નહિ. આ પરિસ્થિતિ નિવારવા માટે વેબસાઈટ પર વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજ સિલેક્ટ કરવા વિનંતી.
3. જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ માધ્યમથી માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી એડમીશન માટે રજીસ્ટ્રેશન કરેલ હશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત પ્રવેશ પરીક્ષાની હોલ ટીકીટ મેળવેલ હશે, તેવા વિદ્યાર્થીઓએ તેમના અસલ પ્રમાણપત્રો સાથે ડોક્યુમેન્ટ વેરીફીકેશન પ્રવેશ પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર કરાવવાનું રહેશ. જેની જાણ વેબસાઈટ પર કરવી.
4. એન્ટ્રેસ પરીક્ષાની ફી રૂ|. ૫૦૦૦ રહેશે. ફી ઓનલાઈન ભરવાની રહેશે. ફી ભરવાની તારીખો હવે પછી મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે.
5. વખતો-વખતની વિગતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ તથા **https://mpt.saurashtra university.edu/** ચકાસવી.